
1 મેળામાં



અભ્યાસ

1. નીચેના શબ્દજૂથોમાંથી માન્ય શબ્દની નીચે લીટી કરો.

રમકડાં	-	રકમડાં	આઈસક્રીમ	-	આસકરીમ
મેરો	-	મેળો	ફરકડી	-	ફળકરી
ચકરડી	-	ચકરળી	મદારી	-	મદાડી
ચગડોર	-	ચગડોળ	લાકરી	-	લાકડી

2. આ ચિત્રપાઠના આધારે શિક્ષકે બોલેલાં વાક્યો ફરી લખો.

(1) લઈ જાઉં આજે મેળામાં ચાલો હું તમને.

(2) મેળામાં મજા કરીશું જઈ.

(3) દુકાનો છે મેળામાં ઘણી.

(4) ચકર ચકર ફરતી છે ચગડોળ મેળામાં.

(5) એક ફુગ્ગાવાળો વેચે છે ફુગ્ગા રંગબેરંગી.

(6) દોરડા પર નટ લાકડી ચાલે છે લઈને.

(7) સાપનો ખેલ બતાવે મદારી છે.

(8) આઈસક્રીમની માણી રહ્યા છે મજા લોકો કેટલાક.

(9) વિવિધ છે મીઠાઈઓ મીઠાઈની દુકાનમાં.

(10) રમકડાં ખરીદી રહ્યાં છે બાળકો કેટલાંક.

3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(1) મેળામાં કેટલી દુકાનો દેખાય છે ? તેનાં નામ કહો.

(2) દોરડા પર ચાલતા નટના હાથમાં શું છે ?

(3) મદારી શું વગાડે છે ?

(4) કેટલાં બાળકો રમકડાં ખરીદી રહ્યાં છે ?

સ્વાધ્યાય

1. તમને મનપસંદ ચિત્રની મદદથી આઠ-દસ વાક્યો લખો.

....

....

....

....

....

....

2. વર્તમાનપત્રો કે સામયિકોમાંથી વાર્તાચિત્રો મેળવી તેના પરથી એક વાર્તા લખો.

....

....

....

....

....

....

....

પ્રવૃત્તિઓ

- શાળા પુસ્તકાલયમાંથી ચિત્રવાર્તાની પુસ્તિકાઓ મેળવી વાંચો.
- કોઈ એક મેળાની મુલાકાત લો અને જુદી જુદી જગ્યાએ ભરાતા મેળાઓ વિશે અંક તૈયાર કરો.
- 'ચાલો જોવા જઈએ મેળો' કાવ્યનું સમૂહગાન કરો.

●